## કાયદો અને ન્યાય મંત્રાલય

## (કાયદા વિભાગ )

## નવી દિલ્હી, ૨૩મી એપ્રિલ, ૨૦૧૩, વૈશાખ, ૩, ૧૯૩૫ (શક )

સંસદના નીચેના અધિનિયમને ૨૨મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ના. રાષ્ટ્રપતિની મંજૂરી મળી છે અને સર્વ લોકોની જાણ સારુ તે અહીં પ્રસિદ્ધ કરવામાં આવે છે. :

# કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી(નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ ), અધિનિયમ, ૨૦૧૩

## (૨૦૧૩નો ૧૪મો)

(૨૨મી એપ્રિલ, ૨૦૧૩)

કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીની સામે અને જાતીય સતામણીની ફરોયાદોના નિવારણ તથા તેની સાથે સંકળાયેલા અથવા પ્રસ્તુત બાબતો માટે રક્ષણ પૂરું પાડવા માટેનો અધિનિયમ.

તેમાં, ભારતના સંવિધાનની કલમો, ૧૪ અને ૧૫ હેઠળ મહિલાઓના સમાનતાના મૂળભૂત હકના ઉલ્લંઘનથી પરિણમતી જાતીય સતામણી અને ભારતના સંવિધાનની કલમો, ૨૧ હેઠળ તેમને જીવનનો તથા ગૌરવપૂર્વક જીવવાના તેમજ કોઈ પણ વ્યવસાય કરવાનો અથવા કોઈ પણ ધંધો, વેપાર અથવા વ્યવસાય ચાલુ રાખવાનો અધિકાર, જેમાં જાતીય સતામણીથી સુરક્ષિત મુક્ત પર્યાવરણના હક્કનો સમાવેશ થાય છે.

અને, જાતીય સતામણીની સામે રક્ષણ તથા ગૌરવપૂર્વક કામ કરવાના અધિકારને આંતરરાષ્ટ્રીય કરાર અને મહિલા પ્રત્યેના તમામ પ્રકારના ભેદભાવની નાબૂદી અંગેનો કરાર, જેમાં ૨૫મી જૂન, ૧૯૯૩ના રોજ ભારત સરકાર દ્વારા સુધારણા કરવામાં આવી છે એવા દસ્તાવેજોમાં માનવ અધિકાર તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

અને, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીની સામે રક્ષણ પૂરું પાડવા માટે ઉક્ત કરારને અમલમાં મૂકવા માટે તાકીદે જોગવાઈ કરવી જરૂરી છે.

આ અધિનિયમ, સંસદમાં ભારતના પ્રજાસત્તાક રાષ્ટ્રના ૬૪મા વર્ષમાં ઘડવામાં આવ્યો .

## પ્રકરણ : ૧

## પ્રારંભિક

***ટૂંકું શીર્ષક, વ્યાપ અને આરંભ*** ૧. (૧) આ અધિનિયમ, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી(નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ ), અધિનિયમ, ૨૦૧૩ તરીકે ઓળખાશે.

(૨) સમગ્ર ભારતમાં તેનો અમલમાં કરવામાં આવશે.

(3) કેન્દ્ર સરકાર સત્તાવાર રાજ્યપત્રમાં નિયત કરે તે તારીખથી અમલમાં આવશે.

***વ્યાખ્યાઓ:*** ૨. સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય તો, આ અધિનિયમમાં ,-

(ક) "પીડિત મહિલા" એટલે-

(૧) કામકાજના સ્થળના સંબંધમાં, કામ પર રાખવામાં આવી હોય કે ન રાખવામાં આવી હોય એવી, કોઈ પણ ઉંમરની કોઈ પણ મહિલા, પ્રતિવાદી દ્વારા જાતીય સતામણીના કોઈ પણ કૃત્યનો ભોગ બની હોવાનો આક્ષેપ કરતી હોય ,

(૨) રહેણાક અથવા ઘરની સંબંધમાં, આવા રહેણાક અથવા ઘરમાં કામ પર રાખવામાં આવી હોય તેવી કોઈ પણ ઉંમરની મહિલા,

(ખ) "યોગ્ય સરકાર " એટલે-

(૧) કામકાજના સ્થળના સંબંધમાં જેની સ્થાપના કરવામાં આવી હોય, માલીકી હોય, અથવા સંપૂર્ણપણે કે આંશિક રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નીચેના કોઈ દ્વારા નોંધપાત્ર રીતે નાણાંવ્યવસ્થા કરવામાં આવતું હોય એવું સ્થળ-

(ક) કેન્દ્ર સરકાર અથવા કેન્દ્ર સરકારમાં સંઘપ્રદેશનું વહીવટી તંત્ર;

(ખ) રાજ્ય સરકાર દ્વારા, રાજ્ય સરકાર

(૨) પેટા કલમ,(૧) હેઠળ સમાવિષ્ટ ન હોય એવા કામકાજના સ્થળની બાબતમાં રાજ્ય સરકાર ;

(ગ) "ચેરપરસન –અધ્યક્ષ" એટલે કલમ, ૭ની પેટાકલમ, (૧) હેઠળ નિર્દિષ્ટ સ્થાનિક ફરિયાદ સમિતિના ચેરપરસન –અધ્યક્ષ;

(ઘ) "જિલ્લા અધિકારી " એટલે કલમ, ૫ હેઠળ નિર્દિષ્ટ કરેલા એક અધિકારી;

(ચ) "ઘરઘાટી/કામવાળી/ઘરગથ્થુ કામદાર " એટલે એક એવી સ્રી જે કોઈ પણ કુટુંબમાં રોકડ અથવા અન્યરીતે વળતરથી, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈ એજસી મારફત હંગામી, ખંડકાલીન/અંશકાલીન, અથવા પૂર્ણ કાલીન ધોરણે ઘરકામ માટે રાખવામાં આવી હોય, પરંતુ તેમાં નિયોક્તાના કુંટુંબના કોઈ પણ સભ્યનો સમાવેશ થશે નહીં.

(છ) "કામદાર" એટલે કોઈ કામકાજના સ્થળે કોઈ પણ કામકાજ માટે નિયમિત,

હંગામી, કામચલાઉ, અથવા દૈનિક વેતનના ધોરણે પ્રત્યક્ષ અથવા કન્ટ્રાક્ટર સહિત કોઈ એજન્સી દ્વારા મુખ્ય નિયોક્તાની જાણ સાથે કે જાણ વિના , વળતર સાથે કે તે વિના, અથવા સ્વૈચ્છિક ધોરણે કે અન્યથા, રોજગારીની સ્પષ્ટ શરતો કે ગર્ભિત શરતોથી કામ પર રાખેલી વ્યક્તિ અને તેમાં સહકામદાર, કરાર આધારિત કામદાર, અજમાયશી, તાલીમી, શીખાઉ ઉમેદવાર અથવા આવા કોઈ પણ નામે ઓળખાતી વ્યક્તિનો સમાવેશ થાય છે.

(જ) "નિયોક્તા" એટલે-

(૧) કોઈ વિભાગ/ખાતું, સંગઠન, ઉપક્રમ, સ્થાપના, ઉદ્યોગસાહસ, સંસ્થા, કચેરી, શાખા અથવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રનો એકમ, વિભાગ/ખાતા, સંગઠન, ઉપક્રમ, સ્થાપના, ઉદ્યોગસાહસ, સંસ્થા, કચેરી, શાખા અથવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રના એકમનો વડો અથવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર તરીકે આવા અન્ય અધિકારી, યથાપ્રસંગ, આ અંગેના આદેશથી નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ.;

(૨) પેટાકલમ,(૧)હેઠળ આવરી લેવામાં આવ્યું ન હોય એવા કામકાજના કોઈપણ સ્થળમાં સંચાલન, દેખરેખ અને નિયંત્રણ માટે જવાબદાર એવી કોઈ પણ વ્યક્તિ;

**સ્પષ્ટતા:** આ પેટા કલમના હેતુ માટે "સંચાલન"માં આવા સંગઠન માટે નીતિની રચના અને વહીવટ માટે જવાબદાર વ્યક્તિ, બોર્ડ, અથવા સમિતિનો સમાવેશ થશે;

(૩) પેટા કલમ, (૧)અને (૨) હેઠળ આવરી લીધેલાં કામકાજનાં સ્થળોની બાબતમાં તેના અથવા તેનીના કર્મચારીવર્ગની બાબતમાં કરાર આધારિત જવાબદારીઓ અદા કરનાર વ્યક્તિ;

(૪) રહેણાક અથવા ઘરની બાબતમાં આવા ઘરઘાટી/કામવાળી/ઘરગથ્થુ કામદારની સંખ્યા, મુદત, અથવા પ્રકાર કે રોજગારના પ્રકાર અથવા ઘરઘાટી/કામવાળી/ઘરગથ્થુ કામદાર દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લીધા વિના, જે ઘરઘાટી/ કામવાળી/ ઘરગથ્થુ કામદારની નિમણૂક કરતી હોય અથવા તેનો લાભ મેળવતી વ્યક્તિ અથવા પરિવાર;

(ઝ) "આંતરિક સમિતિ" એટલે કલમ, ૪ હેઠળ રચવામાં આવેલી આંતરિક ફરિયાદ સમિતિ;

(ટ) "સ્થાનિક સમિતિ" એટલે કલમ, ૬ હેઠળ રચવામાં આવેલી સ્થાનિક ફરિયાદ સમિતિ;

(ઠ)" સભ્ય " એટલે યથા પ્રસંગ, સ્થાનિક ફરિયાદ સમિતિ અને આંતરિક ફરિયાદ સમિતિના સભ્ય ;

(ડ) “નિર્દિષ્ટ” એટલે આ અધિનિયમ હેઠળ ઘડેલા નિયમો દ્વારા નિર્દિષ્ટ;

(ઢ)”પ્રમુખ અધિકારી(પ્રિસાઈડિંગ ઑફિસર)” એટલે કલમ, ૪ની પેટા કલમ, (૨) હેઠળ નામનિયુક્ત આંતરિક ફરિયાદ સમિતિના) પ્રમુખ અધિકારી(પ્રિસાઈડિંગ ઑફિસર);

(ત) “પ્રતિવાદી”એટલે પીડિત મહિલાએ જેની વિરુદ્ધ ફરિયાદ કરી હોય તે વ્યક્તિ;

(થ) ”જાતીય સતામણી”માં -

આ હેતુ માટે જાતીય સતામણીમાં નીચે પ્રમાણેના વણછાજતા ઈરાદાપૂર્વકના જાતીય વર્તન (પ્રત્યક્ષ રીતે કે પરોક્ષરીતે )નો સમાવેશ થાય છે:

૧) શારિરીક સંપર્ક અથવા છૂટછાટ; અથવા

૨) જાતીય તરફેણની માટે માગણી અથવા વિનંતી; અથવા

૩)જાતીય વલણ ધરાવતી ટિપ્પણો કરવી ; અથવા

૪) અશ્લીલ સાહિત્ય દર્શાવવું; અથવા

૫) જાતીય પ્રકારનું અન્ય કોઈ પણ અવાંચ્છિત શારિરીક, શાબ્દિક અથવા અશાબ્દિક વર્તન;

(દ)”કામકાજના સ્થળ”માં નીચેનાઓ સમાવેશ થાય છે:

(૧) કોઈ વિભાગ/ખાતું, સંગઠન, ઉપક્રમ, સ્થાપના, ઉદ્યોગસાહસ, સંસ્થા, કચેરી, એવી શાખા અથવા એકમ- જેની સ્થાપના, માલીકી, નિયંત્રણ સંપૂર્ણપણે કે આંશિક રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નોંધપાત્ર રીતે જેની નાણાંવ્યવસ્થા, યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર કે સરકારી કંપની અથવા નિગમ અથવા સહકારી મંડળી દ્વારા કરવામાં આવી હોય,

(૨)કોઈ પણ ખાનગી ક્ષેત્ર, સંગઠન અથવા ખાનગી સાહસ, ઉપક્રમ, ઉદ્યોગસાહસ, સંસ્થા, સ્થાપના, મંડળી, ટ્રસ્ટ, બિનસરકારી સંગઠન, એકમ અથવા વાણિજ્યિકરીતે, વ્યાવસાયિકરીતે, ધંધાદારીરીતે, શૈક્ષણિકરીતે, મનોરંજન, ઔદ્યોગિકરીતે, આરોગ્ય સેવાઓ અથવા ઉત્પાદન, પુરવઠો, વેચાણ, વિતરણ અથવા સેવાઓ સહિત નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા સેવાઓ પૂરી પાડનાર સેવા વિતરક (સર્વિસ પ્રોવાઈડર) ;

(૩) હોસ્પિટલો અથવા નર્સિંગ હોમ ;

(૪) નિવાસી કે તાલીમ, ખેલકૂદ અથવા તેને લગતી પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાતી હોય કે ન લેવાતી હોય એવી કોઈ પણ ખેલકૂદ સંસ્થા, સ્ટેડિયમ, રમતગમત સંકૂલ અથવા સ્પર્ધા અથવા રમતગમતનું સ્થળ ;

(૫) નિયોક્તા દ્વારા પૂરી પાડવામાં આવતી પરિવહન સેવાઓ સહિત, રોજગારને કારણે અથવા આવી મુસાફરી કરવા માટે, રોજગારના સમય દરમિયાન નિયોક્તા દ્વારા મુલાકાત લેવામાં આવતી હોય એવું કોઈ પણ સ્થળ;

(૯) રહેણાક અથવા ઘર ;

(ધ) "અસંગઠિત ક્ષેત્ર": કામકાજના સ્થળનાસંબંધમાં "અસંગઠિત ક્ષેત્ર" એટલે વ્યક્તિઓ દ્વારા અથવા સ્વરોજગારી ધરાવતા કામદારોની માલીકીનું અને માલસામગ્રીનું ઉત્પાદન અથવા વેચાણ કરતું અથવા કોઈ પણ પ્રકારની સેવાઓ પૂરી પાડતું સાહસ, જેમાં ઉદ્યોગસાહસ ૧૦થી ઓછી સંખ્યામાં કામદારોની નિયુક્તિ કરતું હોય.

*જાતીય સતામણીનું નિવારણ*

૩.(૧) કોઈ પણ કામકાજના સ્થળે કોઈ પણ મહિલા જાતીય સતામણીનો ભોગ બનવી જોઈશે નહીં.

(૨) અન્ય સંજોગો સાથે નીચેના સંજોગોની બાબતમાં જાતીય સતામણીનું કોઈ કૃત્ય અથવા વર્તન થાય હોય અથવા હોય તો તેને જાતીય સતામણી ગણી શકાય ;

(૧) તેણીના રોજગાર/નોકરીમાં ગર્ભિત અથવા સ્પષ્ટ પસંદગીના વ્યવહારનું વચન; અથવા

(૨) તેણીના રોજગાર/નોકરીમાં ગર્ભિત અથવા સ્પષ્ટ નુકસાનકારક વ્યવહારની ધમકી; અથવા

(૩) તેણીના હાલના અથવા ભાવિ રોજગાર/નોકરીના દરજ્જા વિશે ગર્ભિત અથવા સ્પષ્ટ ધમકી; અથવા

(૪)તેનીના કામમાં હસ્તક્ષેપ અથવા કામગીરીના વાતવરણમાં ભય પેદા કરવો અથવા ધૃણાસ્પદ અથવા પ્રતિકૂળતા ઊભી કરવી; અથવા

(૫) તેણીના આરોગ્ય અથવા સલામતીને પ્રતિકૂળ અસર કરે એવો અપમાનજનક વ્યવહાર કરવો .

## પ્રકરણ :૨

## આંતરિક ફરિયાદ સમિતિની રચન

**આંતરિક ફરિયાદ સમિતિની રચના**

૪.(૧) કામકાજના સ્થળના દરેક નિયોક્તાએ લિખિતમાં આદેશ આપીને, "આંતરિક ફરિયાદ સમિતિની રચના" તરીકે ઓળખાતી એક આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવાની રહેશે.

પરંતુ, કામકાજનાં સ્થળોની કચેરીઓ અથવા વહીવટી એકમો જુદી જુદી જગ્યાએ અથવા વિભાગ અથવા પેટા વિભાગ સ્તરે આવેલાં હોય ત્યાં તમામ વહીવટી એકમો અથવા કચેરીઓ ખાતે આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવાની રહેશે.

(૨) આ આંતરિક ફરિયાદ સમિતિ નિયોક્તા દ્વારા નીમવાના નીચેના સભ્યોની બનેલી હશે, એટલે કે:-

(ક)એક પ્રમુખ અધિકારી, જે કામકાજના સ્થળે કામદારોમાં વરિષ્ઠ કક્ષા/સ્તરે

નીમાયેલા મહિલા કામદાર હશે:

પરંતુ, વરિષ્ઠ કક્ષા/સ્તરે નીમાયેલા મહિલા કામદાર ઉપલબ્ધ ન હોય એવા કિસ્સામાં, અન્ય કચેરીઓમાંથી અથવા પેટા કલમ, (૧)માં નિર્દિષ્ટ કરેલા કામકાજના સ્થળના વહીવટી એકમોમાંથી આ પ્રમુખ અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે:

વધુમાં, અન્ય કચેરીઓ અથવા કામકાજના સ્થળના વહીવટી એકમોમાં વરિષ્ઠ કક્ષા/સ્તરે નીમાયેલા મહિલા કામદાર ઉપલબ્ધ ન હોય એવા કિસ્સામાં, તે જ નિયોક્તા અથવા કોઈ અન્ય કામકાજના સ્થળ અથવા અન્ય વિભાગ/ખાતા અથવા સંગઠનમાંથી આ પ્રમુખ અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે:

(ખ) કામદારો પૈકી ખાસ કરીને, મહિલાના ઉદ્દેશો માટે કટિબદ્ધ અથવા જેઓ સામાજિક કાર્યનો અનુભવ અથવા કાનૂની જાણકારી ધરાવતા હોય એવા બેથી ઓછા સભ્યો ન હોવા જોઈએ.

(ગ) એક સભ્ય, મહિલાના ઉદ્દેશો માટે કટિબદ્ધ બિનસરકારી સંગઠનો અથવા મંડળોમાંથી અથવા જાતીય સતામણીની સમસ્યાઓથી પરિચિત હોવો જોઇએ:

પરંતુ, આ રીતે નિયુક્ત કરેલા કુલ સભ્યોના ઓછામાં ઓછા અરધા સભ્યો મહિલાઓ હોવા જોઈએ.

(૩) પ્રમુખ અધિકારી અને આંતરિક સમિતિના દરેક સભ્યો, નિયોક્તા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે એ મુજબ, તેમની નામનિયુક્તિની તારીખથી ત્રણ વર્ષથી વધુ નહીં એટલી મુદત સુધી આ પદ ધારણ કરશે.

(૪) બિનસરકારી સંગઠનો અથવા મંડળોમાંથી નીમાયેલા સભ્ય આંતરિક સમિતિની બેઠકો માટે નિયોક્તા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે એ મુજબની ફી અથવા ભથ્થાં મેળવશે.

(૫) આંતરિક સમિતિના પ્રમુખ અધિકારી અથવા કોઈ સભ્ય-

(ક) કલમ, ૧૬ની જોગવાઈઓનો ભંગ કરે; અથવા

(ખ) કોઈ ગુનામાં આરોપી ઠરે અથવા જે તે સમયે કોઈ કાયદા હેઠળ કોઈ ગુનામાં તપાસ હેઠળ હોય અથવા તેમની સામે શિસ્તવિષયક કાર્યવાહી ચાલુ હોય ; અથવા

(ગ)કોઈ શિસ્તવિષયક કાર્યવાહીમાં ગુનેગાર ઠરે અથવા તેમની સામે શિસ્તવિષયક કાર્યવાહી ચાલુ હોય ; અથવા

(ઘ)તેના પદનો એવો દુરુપયોગ કર્યો હોય કે તેને પદ પર ચાલુ રાખવો એ જાહેર હિતની વિરુદ્ધ હોય ,

આવા પ્રમુખ અધિકારી અથવા સભ્યને, યથાપ્રસંગ , સમિતિમાંથી દૂર કરવામાં આવશે અને આ રીતે ખાલી પડેલી જગ્યા અથવા કોઈ પ્રાસંગિક ખાલી જગ્યા આ

કલમની જોગવાઈઓને અનુરૂપ નવી નિયુક્તિથી ભરવામાં આવશે.

## પ્રકરણ :૩

**જિલ્લા અધિકારીનું જાહેરનામું**

**૫.** યોગ્ય સરકાર, આ અધિનિયમ હેઠળની સત્તા અથવા કાર્યોનો અમલ કરવા માટે, દરેક જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા કલેક્ટર અથવા નાયબ કલેક્ટરને જિલ્લા અધિકારી તરીકે નિર્દિષ્ટ કરી શકે.

**સ્થાનિક ફરિયાદ સમિતિની રચના અને ક્ષેત્રાધિકાર**

૬.(૧) દરેક જિલ્લા અધિકારી , જે સંસ્થાઓમાં ૧૧ કરતાં ઓછા કામદારો હોવાને લીધે તેમાં આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવામાં ન આવી હોય અથવા નિયોક્તાની ખુદની સામે ફરિયાદ હોય તો સંસ્થાઓમાંથી કરવામાં આવતી જાતીય સતામણીની ફરિયાદ સ્વીકારવા માટે સંબંધિત જિલ્લામાં "સ્થાનિક ફરિયાદ સમિતિ" તરીકે ઓળખાતી એક સમિતિની રચના રચના કરશે.

(૨) જિલ્લા અધિકારી દરેક બ્લોક, તાલુકા અને ગ્રામીણ અથવા આદિવાસી વિસ્તારમાં તેહસિલમાં અને શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલિટીમાં વૉર્ડમાં ફરિયાદો સ્વીકારવા અને સાત દિવસની મુદતમાં સંબંધિત સ્થાનિક ફરિયાદ સમિતિને મોકલવા માટે એક નોડલ અધિકારીને પદનામિત કરશે.

(૩) સ્થાનિક ફરિયાદ સમિતિનો ક્ષેત્રાધિકાર, તે જે જિલ્લામાં રચવામાં આવી હોય તેના વિસ્તાર સુધી રહેશે.

**સ્થાનિક ફરિયાદ સમિતિની રચના, મુદત અન્ય બોલીઓ અને શરતો**

**૭.**(૧) સ્થાનિક ફરિયાદ સમિતિ જિલ્લા અધિકારી દ્વારા નિયુક્ત કરવાના નીચેના સભ્યોની બનેલી હશે, એટલે કે :-

(ક) સામાજિક કાર્યના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત અને મહિલાઓના હિતો માટે સમર્પિત મહિલાઓમાંથી એક અધ્યક્ષ (ચેરપરસન)ની નિર્દિષ્ટ કરવા;

(ખ) જિલ્લામાં બ્લોક, તાલુકા અથવા તહેસિલ અથવા વૉર્ડ, અથવા મ્યુનિપાલિટીમાં કામ કરતી એક મહિલા સભ્ય નિર્દિષ્ટ કરવા;

(ગ) બે સભ્યો, જે પૈકી ઓછામાં ઓછા એક સભ્ય મહિલા હોય જે, મહિલાઓના હિતો માટે સમર્પિત હોય એવાં બિનસરકારી સંગઠન અથવા મંડળોમાંથી આવતી હોય અથવા એવી વ્યક્તિ જે જાતીય સતામણીને લગતી સમસ્યાઓથી પરિચિત હોય;

પરંતુ, ઓછામાં ઓછી એક નામનિયુક્ત વ્યક્તિ, ખાસ કરીને કાયદાની પશ્ચાદભૂ અથવા કાયદાકીય જાણકારી ધરાવતી હોવી જોઈએ.

વધુમાં, ઓછામાં ઓછી એક નામનિયુક્ત વ્યક્તિ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ અથવા અન્ય પછાત વર્ગ અથવા કેન્દ્ર સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે એવી લઘુમતી સમુદાયની હોવી જોઈએ.

(ડ) જિલ્લામાં સમાજ કલ્યાણ અથવા મહિલા અને બાળ વિકાસની કામગીરી સંભાળતા અધિકારી હોદ્દાની રૂએ એક સભ્ય બનશે.

(૨) સ્થાનિક સમિતિના પ્રમુખ/ચેરપરસન અને સભ્યો જિલ્લા અધિકારી નિર્દિષ્ટ કરે એ પ્રમાણે તેમની નિયુક્તિની તારીખથી ત્રણ વર્ષથી વધુ નહીં એટલી મુદત સુધી હોદ્દો સંભાળશે.

(૩) સ્થાનિક સમિતિના પ્રમુખ અધિકારી અથવા કોઈ સભ્ય-

(ક) કલમ, ૧૬ની જોગવાઈઓનો ભંગ કરે; અથવા

(ખ) કોઈ ગુનામાં આરોપી ઠરે અથવા જે તે સમયે કોઈ કાયદા હેઠળ કોઈ ગુનામાં તપાસ હેઠળ હોય અથવા તેમની સામે શિસ્તવિષયક કાર્યવાહી ચાલુ હોય ; અથવા

(ગ)કોઈ શિસ્તવિષયક કાર્યવાહીમાં ગુનેગાર ઠરે અથવા તેમની સામે શિસ્તવિષયક કાર્યવાહી ચાલુ હોય ; અથવા

(ઘ)તેના પદનો એવો દુરુપયોગ કર્યો હોય કે તેને પદ પર ચાલુ રાખવો એ જાહેર હિતની વિરુદ્ધ હોય ,

આવા પ્રમુખ અધિકારી અથવા સભ્યને, યથાપ્રસંગ, સમિતિમાંથી દૂર કરવામાં આવશે અને આ રીતે ખાલી પડેલી જગ્યા અથવા કોઈ પ્રાસંગિક ખાલી જગ્યા આ કલમની જોગવાઈઓને અનુરૂપ નવી નિયુક્તિથી ભરવામાં આવશે.

(૪) પેટા કલમ, (૧)ની કલમ, (ક) અને (ખ) હેઠળ નિયુક્ત કરવામાં આવ્યા હોય એ સિવાયના, સ્થાનિક ફરિયાદ સમિતિના પ્રમુખ અને સભ્યો, આંતરિક સમિતિની બેઠકો માટે નિયોક્તા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે એ મુજબની ફી અથવા ભથ્થાં મેળવવા હકદાર રહેશે.

**અનુદાનો અને ઓડિટ**

૮.(૧) કેન્દ્ર સરકાર, સંસદમાં આ અંગેનો જરૂરી યોગ્ય કાયદો કરીને કલમ, ૭ની પેટા કલમ, (૪)માં ઉલ્લેખેલી ફી અને ભથ્થાંની ચુકવણીના ઉપયોગ કરવા કેન્દ્ર સરકારને યોગ્ય લાગે એવી રકમનું રાજ્ય સરકારોને અનુદાન આપશે.

(૨) રાજ્ય સરકાર એક એજન્સી સ્થાપી શકે અને પેટા કલમ, (૧) હેઠળ આપવામાં આવેલું અનુદાન તે એજન્સીને તબદીલ કરી શકે .

(૩)આ એજન્સી કલમ, ૭ની પેટા કલમ (૪)માં ઉલ્લેખેલી ફી અને ભથ્થાં ચૂકવવા માટેની જરૂરી રકમ જિલ્લા અધિકારીને ચુકવશે.

(૪)પેટા કલમ, (૨)માં જણાવેલી એજન્સીના હિસાબો રાજ્યના મહાહિસાબનીશના પરામર્શનમાં નિયત કરવામાં આવ્યા હોય એ રીતે જાળવવાના અને ઓડિટ કરવાના રહેશે અને એજન્સીના હિસાબોનો હવાલો ધરાવતી વ્યક્તિ, નિયત કરવામાં આવે એવી તારીખ પહેલાં , તે અંગેના ઓડિટરના અહેવાલ સાથે તેની ઓડિટ કરેલી

નકલ, રાજ્ય સરકારને રજૂ કરશે.

## પ્રકરણ :૪

**જાતીય સતામણીની ફરિયાદો**

૯.(૧) કોઈ પણ દૂભાયેલી/નારાજ મહિલા રચવામાં આવેલી આંતરિક સમિતિને, કામકાજના સ્થળે થયેલી જાતીય સતામણીની ફરિયાદ લિખિતમાં અથવા આવી સમિતિ રચવામાં આવી ન હોય તેવા કિસ્સામાં સ્થાનિક સમિતિને, બનાવની તારીખથી ત્રણ માસના ગાળામાં અને બનાવોની શ્રેણીના કિસ્સામાં છેલ્લા બનાવની તારીખથી ત્રણ માસના ગાળામાં કરી શકે;

પરંતુ, આવી ફરિયાદ લિખિતમાં કરી ન કરી શકાય ત્યાં, આંતરિક સમિતિના પ્રમુખ અધિકારી અથવા કોઈ પણ સભ્ય અથવા સ્થાનિક સમિતિના અધ્યક્ષ/ચેરપરસન અથવા કોઈ પણ સભ્ય લિખિતમાં ફરિયાદ કરવા માટે આ મહિલાને તમામ વાજબી સહાય કરશે.

વધુમાં, આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ, ઉક્ત સમયમર્યાદામાં ફરિયાદ નોંધાવવા માટે મહિલાને અટકાવે તેવા સંજોગો હતા એવી ખાતરી થાય તો, લિખિતમાં નોંધ કરવાનાં કારણો માટે ત્રણ માસથી વધુ નહીં એવી મુદત વધારી શકે.

(૨) કોઈ પણ દૂભાયેલી/નારાજ મહિલા તેણીની શારીરિક અથવા માનસિક અશક્તિને કારણે અથવા મૃત્યુ કે અન્યથા ફરિયાદ કરી શકે તેમ ન હોય ત્યારે, તેણીના કાયદેસરના વારસ અથવા નિયત કરી શકાય એવી અન્ય વ્યક્તિ આ કલમ હેઠળ ફરિયાદ કરી શકે.

**સમાધાન**

**૧૦.**(૧) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ, કલમ, ૧૧ હેઠળ તપાસ શરૂ કરે તે પહેલાં, દૂભાયેલી/નારાજ મહિલાની વિનંતીથી તેણી અને પ્રતિવાદીની વચ્ચે સમાધાન દ્વારા મામલાની પતાવટ કરવા પગલાં લઈ શકે.

પરંતુ, સમાધાનના આધાર તરીકે કોઈ નાણાકીય પતાવટ કરવામાં આવશે નહીં.

(૨) પેટા કલમ,(૧) હેઠળ સમાધાન કરવામાં આવે ત્યારે આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ, આ રીતે કરવામાં આવતા સમાધાનની નોંધ કરશે અને ભલામણમાં નિર્દિષ્ટ કર્યા મુજબનાં પગલાં લેવા નિયોક્તા અથવા જિલ્લા અધિકારીને તે નોંધ મોકલશે.

**ફરિયાદની તપાસ**

(3) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ, પેટા કલમ, (૨) હેઠળ નોંધાયેલા સમાધાનની નકલો દૂભાયેલી/નારાજ મહિલા અને પ્રતિવાદીને આપશે.

(૪) પેટા કલમ,(૧) હેઠળ સમાધાન કરવામાં આવે ત્યારે આંતરિક સમિતિ અથવા

યથાપ્રસંગ સ્થાનિક સમિતિ દ્વારા કોઈ તપાસ હાથ ધરવામાં આવશે નહીં.

**૧૮૬૦ની ૪૫** **૧૧.**(૧) કલમ, ૧૦ની જોગવાઈઓને અધીન, આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિએ જેમાં પ્રતિવાદી એક કામદાર હોય ત્યાં પ્રતિવાદીને લાગુ પડતા હોય એવા સેવાના નિયમોની જોગવાઈઓ અનુસાર ફરિયાદની તપાસ આગળ ધપાવશે અને જ્યાં આવા નિયમો અસ્તિત્વ ધરાવતા ન હોય ત્યાં નિયત કરવામાં આવે એ રીતે અથવા ઘરઘાટી/કામવાળી/ઘરગથ્થુ કામદારના કિસ્સામાં સ્થાનિક સમિતિ, પ્રથમદર્શી કેસ હોય તો ભારતીય દંડ સંહિતાની કલમ, ૫૦૯ હેઠળ અને ઉક્ત દંડ સંહિતાની લાગુ પડતી હોય એવી પ્રસ્તુત અન્ય કોઈ જોગવાઈઓ હેઠળ સાત દિવસમાં કેસ નોંધવા માટે પોલીસને ફરિયાદ મોકલશે.

પરંતુ, દૂભાયેલી/નારાજ મહિલા આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક
**૧૮૬૦ની ૪૫** સમિતિને જણાવે કે પ્રતિવાદી દ્વારા કલમ, ૧૦ની પેટાકલમ,(૨) હેઠળ કરવામાં આવેલા સમાધાનની જોગવાઈઓનું પાલન કરવામાં આવતું નથી તો આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ આ ફરિયાદ અંગે તપાસ કરવા આગળ વધી શકે અથવા પોલીસને ફરિયાદ મોકલી શકે:

વધુમાં, બન્ને પક્ષકારો કામદારો હોય તો આ પક્ષકારોને તપાસની કાર્યવાહી
**૧૯૦૮ની ૫** દરમિયાન સાંભળવાની એક તક અને સમિતિની સામે તારણોની વિરુદ્ધ રજૂઆત કરવા માટે આ બન્ને પક્ષકારોને તારણોની એક નકલ આપવી જોઈએ.

(૨) ભારતીય દંડ સંહિતાની કલમ, ૫૦૯માં કોઈ પણ મજકૂર હોય તેમ છતાં, આ કોર્ટ જ્યારે પ્રતિવાદીનો ગુનો પુરવાર થાય ત્યારે કલમ, ૧૫ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, કોર્ટને યોગ્ય લાગે તેટલી રકમ પ્રતિવાદીને દૂભાયેલી/નારાજ મહિલાને ચૂકવવાનો આદેશ કરી શકે.

(3) પેટા કલમ, (૧) હેઠળ તપાસ કરવા માટે નીચેની બાબતમાં કેસ ચલાવતી વખતે આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિ યથાપ્રસંગ, દિવાની કાર્યરીતિ સંહિતા (સિવિલ પ્રોસિજર કોડ), ૧૯૦૮ હેઠળ કોર્ટને જે સત્તા નિહિત કરવામાં આવી છે એવી જ સત્તા ધારણ કરશે;

(ક)કોઈ પણ વ્યક્તિને હાજર કરવાની અને હાજર રહેવા ફરજ પાડવાની અને સોગન ઉપર તપાસ કરવાની;

(ખ)દસ્તાવેજોની શોધ કરાવવાની અને રજૂ કરાવવાની;

(ગ)અન્ય કોઈ પણ બાબત જે નિયત કરવામાં આવે.

(૪)પેટા કલમ, (૧) હેઠળની તપાસ ૯૦ દિવસની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

**પ્રકરણ:૫**

## ફરિયાદ અંગે તપાસ

તપાસ બાકી હોય તે દરમિયાનની કાર્યવાહી

**૧૨.(૧)** તપાસ બાકી હોય તે દરમિયાન દૂભાયેલી/નારાજ મહિલાએ કરેલી લિખિત અરજી અંગે આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિ, યથાપ્રસંગ, નિયોક્તાને નીચે પ્રમાણે ભલામણ કરી શકે-

(ક) દૂભાયેલી/નારાજ મહિલા અથવા પ્રતિવાદીની કોઈ અન્ય સ્થળે બદલી; અથવા

(ખ) દૂભાયેલી/નારાજ મહિલાની ત્રણ માસ સુધીની રજા મંજૂર કરવી; અથવા

(ગ)નિયત કરવામાં આવે એવી, દૂભાયેલી/નારાજ મહિલાની અન્ય આવી રાહત મંજૂર કરવી

(૨) આ કલમ હેઠળ દૂભાયેલી/નારાજ મહિલાને મંજૂર કરેલી રજાઓ, તેણી અન્યથા જે રજાઓ માટે હકદાર હોય તે ઉપરાંતની રહેશે.

(3) પેટા કલમ, (૧) હેઠળ આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિની, યથાપ્રસંગ ભલામણથી નિયોક્તા પેટા કલમ, (૧) હેઠળ કરવામાં આવેલી ભલામણોનો અમલ કરશે અને આવા અમલ અંગેનો અહેવાલ યથાપ્રસંગ, આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિને મોકલાવશે.

**તપાસ અહેવાલ**

**૧૩.(૧)** આ અધિનિયમ હેઠળની તપાસ પૂરી થતાં, યથાપ્રસંગ, આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિ, તપાસ પૂરી થયાની તારીખથી ૧૦ દિવસની અંદર તેનાં તારણોનો અહેવાલ નિયોક્તા અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકારીને રજૂ કરશે અને આવો અહેવાલ સંબંધિત પક્ષકારોને ઉપલબ્ધ કરાવશે.

(૨) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ, એવા તારણ પર આવે કે પ્રતિવાદી સામેના આરોપો પુરવાર થતા નથી ત્યારે તે નિયોક્તા અને જિલ્લા અધિકારીને ભલામણ કરશે કે આ બાબતમાં કોઈ પગલાં લેવાની જરૂર નથી.

(3) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ એવા તારણ પર આવે કે પ્રતિવાદી સામેના આરોપો પુરવાર થાય છે ત્યારે તે યથાપ્રસંગ, નિયોક્તા અને જિલ્લા અધિકારીને નીચે પ્રમાણે ભલામણ કરશે ;

(૧) પ્રતિવાદીને લાગુ પડતા સેવા નિયમોની જોગવાઈઓ અનુસાર જાતીય સતામણીને ગેરવર્તણૂક તરીકે ગણીને અથવા આવા સેવા નિયમો ઘડવામાં આવ્યા ન હોય ત્યાં નિયત કરવામાં આવે એવાં પગલાં લેવાં;

(૨) પ્રતિવાદીને લાગુ પડતા સેવા નિયમોમાં કોઈ પણ મજકૂર હોય તેમ છતાં, પ્રતિવાદીના પગાર અથવા વેતનમાંથી, કલમ, ૧૫ની જોગવાઈઓ અનુસાર દૂભાયેલી/નારાજ મહિલા અથવા તેમના કાયદેસરના વારસને ચૂકવવા માટે, તેને

યોગ્ય લાગે એવી રકમની કપાત કરવી ;

પરંતુ, નિયોક્તા પ્રતિવાદી તેની ફરજ પર ગેરહાજર રહેવાને લીધે અથવા તેને નોકરીમાંથી છૂટો કરવાને કારણે તેના પગારમાંથી આવી રકમની કપાત કરી શકે તેમ ન હોય એવા કિસ્સામાં, તે આવી રકમ દૂભાયેલી/નારાજ મહિલાને ચૂકવવા પ્રતિવાદીને આદેશ કરી શકે;

વધુમાં,પ્રતિવાદી ખંડ,(૨)માં જણાવેલી રકમ ચૂકવવામાં ચૂક કરે તો આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ, આ રકમની મહેસૂલની ચડત બાકી તરીકે વસૂલાત કરવાનો આદેશ સંબંધિત જિલ્લા અધિકારીને મોકલી શકે.

(૪) નિયોક્તા અથવા જિલ્લા અધિકારી તેમને આ ભલામણ મળ્યાના ૬૦ દિવસમાં ભલામણ અંગે કામગીરી કરશે.

**ખોટી અથવા દ્વેષપૂર્ણ ફરિયાદ અને ખોટા પુરાવા માટે શિક્ષા**

**૧૪**.(૧) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ એવા તારણ પર આવે કે પ્રતિવાદી ઉપરનો આ આરોપ દ્વેષપૂર્ણ છે અથવા ફરિયાદ કરનાર દૂભાયેલી/નારાજ મહિલા અથવા અન્ય કોઈ વ્યક્તિએ તે ફરિયાદ ખોટી હોવાનું જાણીને ફરિયાદ કરી હોય અથવા ફરિયાદ કરનાર દૂભાયેલી/નારાજ મહિલા અથવા અન્ય કોઈ વ્યક્તિ કોઈ ખોટા પુરાવા અથવા ગેરમાર્ગે દોરનારા દસ્તાવેજો રજૂ કર્યા હોય તો તે નિયોક્તા અથવા યથાપ્રસંગ,જિલ્લા અધિકારીને જેમણે કલમ, ૯ની પેટા કલમ, (૧) અથવા પેટા કલમ, (૧) હેઠળ ફરિયાદ કરી હોય તે મહિલા અથવા વ્યક્તિની સામે તેણીને અથવા તેને લાગુ પડતા હોય તે સેવા નિયમોની જોગવાઈઓ અનુસાર અથવા જ્યાં આવા સેવાનિયમો ન હોય ત્યાં નિયત કરવામાં આવે તેવી કાર્યવાહી કરવાની ભલામણ કરશે .

પરંતુ, માત્ર ફરિયાદ સાબિત કરવા અથવા યોગ્ય પુરાવા પૂરા પાડવાની અશક્તિને કારણે આ કલમ હેઠળ ફરિયાદીની સામે કાર્યવાહી કરવાની જરૂર રહેતી નથી.

વધુમાં, નિયત કરેલી કાર્યવાહીને અનુરૂપ તપાસ કર્યા પછી, કોઈ પગલાંની ભલામણ કરવામાં આવે તે પહેલાં, ફરિયાદીના પક્ષે દ્વેષપૂર્ણ ઈરાદો પુરવાર થશે.

(૨) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ સ્થાનિક સમિતિ એવા તારણ પર આવે કે તપાસ દરમિયાન કોઈ સાક્ષીએ કોટો પુરાવો આપ્યો છે અથવા બનાવટી અથવા ગેરમાર્ગે દોરતો દસ્તાવેજ રજૂ કર્યો છે તો તે સાક્ષીના નિયોક્તા અથવા યથાપ્રસંગ જિલ્લા અધિકારીને ઉક્ત સાક્ષીને લાગુ પડતા સેવા નિયમોની જોગવાઈઓ અનુસાર અથવા જ્યાં આવા સેવા નિયમો ન હોય ત્યાં તે સાક્ષીની સામે નિયત કરવામાં આવે તેવી કાર્યવાહી કરવાની ભલામણ કરશે.

**વળતરનો નિર્ણય** **૧૫.** કલમ,૧૩ની પેટાકલમ, (૨) અને પેટાકલમ (૩) હેઠળ દૂભાયેલી/નારાજ મહિલાને ચૂકવવાની રકમનો નિર્ણય કરવાના હેતુ માટે આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સમિતિએ નીચેની બાબત ધ્યાનમાં રાખવાની રહેશે-

(ક) દૂભાયેલી/નારાજ મહિલાને લાગેલો માનસિક આઘાત, પીડા, દુ:ખ અને સંવેદનાત્મક તનાવ;

(ખ) જાતીય સતામણીના બનાવને લીધે કારકીર્દિની તકનું નુકસાન

(ગ) શારીરિક અથવા માનસિક સારવાર માટે અસરગ્રસ્ત મહિલાને થયેલું તબીબી ખર્ચ ;

(ઘ) પ્રતિવાદીની આવક અને નાણાકીય સ્થિતિ;

(ચ) ઉચક અથવા હપતામાં આવી ચુકવણીની શક્યતા.

**૨૦૦૫ની ૨૨**

**ફરિયાદ અને તપાસની કાર્યવાહીની સામગ્રીનું પ્રકાશન અથવા જાણકારી આપવી**

**૧૬.** માહિતી (મેળવવાનો) અધિકાર અધિનિયમ, ૨૦૦૫માં કોઈ પણ મજકૂર હોય તેમ છતાં, કલમ, ૯ હેઠળ કરવામાં આવેલી ફરિયાદનું વિષયવસ્તુ, દૂભાયેલી/નારાજ મહિલા, પ્રતિવાદી અને સાક્ષીઓની ઓળખ અને સરનામું, સમાધાન અને તપાસ કાર્યવાહી અંગેની કોઈ પણ માહિતી, આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સમિતિની ભલામણો અને નિયોક્તા અથવા યથાપ્રસંગ, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ જિલ્લા અધિકારી લીધેલાં પગલાં પ્રસિદ્ધ કરવામાં આવશે નહીં, જનતા, પ્રેસ અને કોઈ પણ રીતે સંચાર માધ્યમોને જણાવવામાં આવશે નહીં.

પરંતુ, આ અધિનિયમ હેઠળ જાતીય સતામણીના કોઈ અસરગ્રસ્ત વ્યક્તિને મળતા ન્યાયની ખાતરી કરાવવા, દૂભાયેલી/નારાજ મહિલા અને સાક્ષીઓની ઓળખ અંગેના અનુમાન તરફ દોરી જાય તેવું નામ, સરનામું, ઓળખ અથવા અન્ય વિગતો જાહેર કર્યા વિના માહિતી આપી શકાશે.

**૧૭.** આ અધિનિયમ હેઠળ ફરિયાદ, તપાસ, અથવા કોઈ ભલામણો કે કરવાની કાર્યવાહી અંગેની કામગીરી કરવાની ફરજ સોંપવામાં આવી હોય તેવી કોઈ વ્યક્તિ, કલમ ૧૬ની જોગવાઈઓનો ભંગ કરે તો ઉક્ત વ્યક્તિ, લાગુ પડતા સેવા નિયમોની જોગવાઈઓ અનુસાર અથવા આવા સેવા નિયમો ન હોય ત્યાં નિયત કરવામાં આવે એ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

**૧૮.**(૧) કલમ, ૧૩ની પેટાકલમ,(૨) અથવા કલમ, ૧૩ની પેટાકલમ,(૩)ના ખંડ, (૧) અથવા ખંડ, (૨) અથવા કલમ, ૧૪ની હેઠળની પેટાકલમ,(૧) અથવા પેટાકલમ,(૨) અથવા કલમ, ૧૭ હેઠળ કરવામાં આવેલી કોઈ ભલામણો અથવા આવી ભલામણોના બિનઅમલથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, ઉક્ત વ્યક્તિને લાગુ પડતા સેવા નિયમો અનુસાર કોર્ટ અથવા ટ્રિબ્યુનલમાં અપીલ કરી શકે અથવા આવા સેવા

નિયમો ન હોય ત્યાં તે સમય પૂરતા અમલમાં હોય એવા અન્ય કોઈ પણ કાયદાની જોગવાઈઓને પ્રતિકૂળ અસર કર્યા વિના નારાજ થયેલી કોઈ વ્યક્તિ નિયત કરેલી રીતે અપીલ કરી શકે .

(૨) પેટા કલમ, (૧) હેઠળની અપીલ ભલામણોના ૯૦ દિવસની મુદતમાં કરવાની રહેશે.

**નિયોક્તાની ફરજો**

## પ્રકરણ : ૬

## નિયોક્તાની ફરજો

**૧૯.** દરેક નિયોક્તાએ-

(ક) કામકાજના સ્થળે કામગીરીનું સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેમાં કામકાજના સ્થળે સંપર્કમાં આવતી વ્યક્તિઓ તરફથી સલામતીનો સમાવેશ થશે;

(ખ) કામકાજના સ્થળે કોઈ પણ તરત નજરે ચડે એવા સ્થળે જાતીય સતામની માટે શિક્ષાત્મક પરિણામો અને કલમ, ૪ની પેટા કલમ, (૧)હેઠળની આંતરિક સમિતિની રચના કરતો આદેશ દર્શાવવો.

(ગ)આ અધિનિયમની જોગવાઈઓ અંગે કામદારોને માહિતગાર કરવા માટે નિયમિત સમયગાળામાં કાર્યશાળાઓ(વર્કશોપ) અને જાગૃતિ કાર્યક્રમો યોજવા અને નિયત કરવામાં આવે એ રીતે આંતરિક સમિતિના સભ્યો માટે નવસંસ્કરણ કાર્યક્રમો યોજવા;

(ઘ) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સમિતિને ફરિયાદ અંગેની કામગીરી કરવા અને તપાસ હાથ ધરવા જરૂરી સવલતો પૂરી પાડવી;

(ચ) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સમિતિની સામે પ્રતિવાદી અને સાક્ષીઓની હાજરી સુનિશ્ચિત કરવામાં મદદ કરવી;

**૧૮૬૦ની ૪૫** (છ) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સમિતિ માટે કલમ, ૯ની પેટા કલમ, (૧) હેઠળ કરવામાં આવેલી ફરિયાદને લગતી જરૂરી હોય એવી માહિતી ઉપલબ્ધ કરાવવી;

(જ ) મહિલા, ભારતીય દંડ સંહિતા અથવા જે તે સમયે અમલમાં હોય એવા અન્ય કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરવા ઈચ્છતી હોય તો તેને તેમાં મદદ કરવી;

(ઝ) ભારતીય દંડ સંહિતા અથવા જે તે સમયે અમલમાં હોય એવા અન્ય કાયદા હેઠળ કુકર્મીની સામે કાર્યવાહી શરૂ કરવી અથવા કુકર્મી જાતીય સતામણીનો બનાવ બન્યો હોય તે કામકાજના સ્થળનો કામદાર ન હોય તો, દૂભાયેલી મહિલા, કુકર્મીની સામે ફરિયાદ દાખલ કરવા ઈચ્છતી હોય તો તેને તેમાં મદદ કરવી;

(ટ)જાતીય સતામણીને સેવા નિયમો હેઠળ ગેરવર્તન ગણવી અને આવા ગેરવર્તન સામે કાર્યવાહી શરૂ કરવી;

(ઠ)આંતરિક સમિતિ દ્વારા માગવામાં આવતા અહેવાલો સમયસર રજૂ કરવામાં આવે તેનું ધ્યાન રાખવું .

## પ્રકરણ:૬ જિલ્લા અધિકારીની ફરજો અને સત્તાઓ

**જિલ્લા અધિકારીની ફરજો અને સત્તાઓ**

**૨૦.** જિલ્લા અધિકારી-

(ક) સ્થાનિક સમિતિદ્વારા રજૂ કરવામાં આવતા અહેવાલો સમયસર રજૂ કરવામાં આવે તેનું ધ્યાન રાખવું;

(ખ) જાતીય સતામણી અને મહિલાઓના અધિકારો અંગેની જાગૃતિનું નિર્માણ કરવા બિનસરકારી સંસ્થાઓને સાંકળવા માટે જરૂરી પગલાં લેવાં.

## પ્રકરણ:૭

## પ્રકીર્ણ

**સમિતિએ વાર્ષિક અહેવાલ રજૂ કરવો**

**૨૧.**(૧) આંતરિક સમિતિ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સમિતિએ દર કેલેંડર વર્ષમાં નિયત કરવામાં આવે તેવા નમૂનામાં અને સમયે એક વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો રહેશે અને નિયોક્તા અને જિલ્લા અધિકારીને તે રજૂ કરવાનો રહેશે.

(૨)જિલ્લા અધિકારી પેટા કલમ, (૧)હેઠળ મેળવેલા વાર્ષિક અહેવાલ અંગેનો એક સંક્ષિપ્ત અહેવાલ રાજ્ય સરકારને પાઠવશે.

**નિયોક્તાને વાર્ષિક અહેવાલની માહિતીમાં સમાવિષ્ટ કરવા**

**૨૨.** નિયોક્તા તેની સંસ્થાના વાર્ષિક અહેવાલમાં દાખલ કરેલા કેસોની સંખ્યા, જો કોઈ હોય તો અને આ અધિનિયમ હેઠળ તેમના હવાલે હોય તેવા કોઈ કેસનો નિકાલ થયો હોય તો તેનો સમાવેશ કરવાનો રહેશે અથવા આવો અહેવાલ તૈયાર કરવાની જરૂર ન હોય તો જિલ્લા અધિકારીને આવા કેસોની સંખ્યા, જો કોઈ હોય તો જણાવવાની રહેશે.

**યોગ્ય સરકારે અમલનું દેખરેખ નિયંત્રણ અને આંકડાની જાળવણી કરવાં**

**૨૩**.યોગ્ય સરકાર આ અધિનિયમના અમલનું દેખરેખ નિયંત્રણ કરશે અને કામકાજના સ્થળે જાતીય સતામણીના દાખલ કરેલા તમામ કેસોની સંખ્યા અને કેસોની સંખ્યાના નિકાલ અંગેના આંકડા જાળવશે.

**યોગ્ય સરકારે આ અધિનિયમનો પ્રચાર કરવા**

**૨૪.**યોગ્ય સરકાર નાણાકીય અને અન્ય સંસાધનોની ઉપલબ્ધતાને અધીન રહીને –

(ક)મહિલાઓને કામકાજના સ્થળે જાતીય સતામણીની સામે સુરક્ષા પૂરી પાડવાની જોગવાઈ કરતા આ અધિનિયમની જોગવાઈઓથી જાહેર જનતાને જાગૃત કરવા સુસંગત માહિતી, શિક્ષણ, સંચાર, અને તાલીમની સામગ્રી તૈયાર કરશે અને જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરશે.

**પગલાં લેવાં**

(ખ) સ્થાનિક ફરિયાદ સમિતિના સભ્યો માટે નવસંસ્કરણ અને તાલીમ કાર્યક્રમો ઘડશે.

**માહિતી અને રેકર્ડનું નિરીક્ષણ કરવા બોલાવવાની સત્તા**

**૨૫.** (૧)યોગ્ય સરકારને સંતોષ થાય કે જાહેર હિતમાં અથવા કામકાજના સ્થળે મહિલાઓના હિતમાં એમ કરવું જરૂરી છે તો લિખિતમાં આદેશ કરીને-

(ક) જાતીય સતામણીને લગતી જરૂરી જણાય એવી માહિતી લિખિતમાં રજૂ કરવા કોઈ પણ કામદાર અથવા જિલ્લા અધિકારીને જણાવી શકે છે;

(ખ) જાતીય સતામણીને લગતા રેકર્ડ અને કામકાજના સ્થળનું નિરીક્ષણ કરવા કોઈ પણ અધિકારીને અધિકૃત કરી શકે છે જેમણે આવા નિરીક્ષણનો અહેવાલ આ આદેશમાં નિયત કરેલી મુદતમાં રજૂ કરવાનો રહેશે.

(૨)દરેકનિયોક્તાઅને જિલ્લા અધિકારી નિરીક્ષણ કરતા અધિકારીની માગણીથી આવા નિરીક્ષણની બાબતમાં મહત્ત્વની હોય એવી, તેના કબજામાં હોય એવી તમામ માહિતી, રેકર્ડ અને દસ્તાવેજો રજૂ કરવાનાં રહેશે.

**આ અધિનિયમની જોગવાઈઓના અમલ ન કરવા અંગેની શિક્ષા**

**૨૬.** (૧)નિયોક્તા નીચેની બાબતોનું પાલન કરવામાં નિષ્ફળ રહે તો –

(ક) કલમ, ૪ની પેટા કલમ,(૧) હેઠળની આંતરિક સમિતિ રચવી;

(ખ) કલમ, ૧૩,૧૪,૧૫ હેઠળ કાર્યવાહી કરવી;

(ગ) આ અધિનિયમની અન્ય જોગવાઈઓનું ઉલ્લંઘન કરવું અથવા ઉલ્લંઘન કરવાનો પ્રયત્ન કરવો અથવા ઉલ્લંઘન કરવામાં મદદ કરવી અથવા તે હેઠળ કરવામાં આવેલા અન્ય કોઈ નિયમોનું ઉલ્લંઘન કરવું.

-તે દંડને પાત્ર ઠરશે, જે રૂ. ૫૦,૦૦૦/-સુધી વધી શકે છે.

(૨) આ અધિનિયમ હેઠળ અગાઉ ગુનામાં શિક્ષાપાત્ર અપરાધી ઠરેલો કોઈ કામદાર તે જ ગુનો ફરીથી આચરે તો તે નીચેની શિક્ષાને પાત્ર ઠરશે-

(૧) તે જ ગુના માટે જોગવાઈ કરેલી મહત્તમ શિક્ષાને અધીન રહીને , પ્રથમ ગુના વખતે કરવામાં આવેલી શિક્ષાથી બમણી શિક્ષા,

પરંતુ, જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કાયદા હેઠળ નિયત કરવામાં આવેલી વધુ શિક્ષાના કેસમાં, આરોપી પર જે ગુના માટે કામ ચલાવવામાં આવ્યું હોય તેના માટે શિક્ષા ઠરાવતી વખતે કોર્ટ તેને યોગ્ય ધ્યાન આપશે.

(૨) તેનું લાયસંસ રદ કરવું, પાછું ખેંચી લેવું, અથવા નવીકરણ ન કરવું, અથવા યથાપ્રસંગ, લાયસંસની મંજૂરી અથવા નોંધણીની મંજૂરી રદ કરવી એ, સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે તેના કામકાજ અથવા પ્રવૃત્તિ તરીકે અપેક્ષિત છે.

**ગુના પ્રત્યે કોર્ટે ધ્યાન આપવા**

**૨૭.**(૧) પીડિત મહિલા અથવા આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિએ અધિકૃત કરેલી વ્યક્તિએ ફરિયાદ કરી હોય એ સિવાય, આ અધિનિયમ અથવા તે હેઠળના

**અંગે** કોઈ પણ નિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે કોર્ટ કોઈ બાબત ધ્યાનમાં લેશે નહીં.

(૨) મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટથી નીચેના દરજ્જાની કોઈ કોર્ટ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની કાર્યવાહી કરશે નહીં.

(૩) આ અધિનિયમ હેઠળનો દરેક ગુનો, પોલીસ અધિકાર બહાર(નોન કોગ્નિઝેબલ )નો ગુનો રહેશે.

**આ અધિનિયમ, અન્ય કોઈ પણ કાયદાના અનાદર રૂપ નથી**

**૨૮.** આ અધિનિયમની જોગવાઈઓ, અમલમાં હોય એવા કોઈ પણ અન્ય કાયદાની જોગવાઈ ઉપરાંતની હશે અને તેમાં ઘટાડો કરશે નહીં.

**નિયમો ઘડવાની યોગ્ય સરકારની સત્તા.**

**૨૯.** (૧)કેન્દ્ર સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા નિયમો ઘડી શકે છે.

(૨) ખાસ કરીને, આગળ જણાવેલી સત્તાની વ્યાપ્તિને બાધ આવ્યા વિના, આવા નિયમો નીચેની તમામ અથવા કોઈ પણ બાબત અંગે જોગવાઈ કરી શકે , એટલે કે –

(ક) કલમ, ૪ની પેટા કલમ, (૪) હેઠળ સભ્યોને ચૂકવવાની ફી અને ભથ્થાં;

(ખ) કલમ, ૭ની પેટાકલમ, (૧)ના ખંડ (ગ) હેઠળ સભ્યોની નામનિયુક્તિ;

(ગ) કલમ, ૭ની પેટા કલમ, (૪) હેઠળ અધ્યક્ષ/ચેરપરસન અને સભ્યોને ચૂકવવાની ફી અને ભથ્થાં;

(ઘ) કલમ, ૯ની પેટા કલમ, (૨) હેઠળ ફરિયાદ કરે તે વ્યક્તિ;

(ચ) કલમ, ૧૧ની પેટા કલમ, (૧) હેઠળ તપાસની પદ્ધતિ;

(છ) કલમ, ૧૧ની પેટા કલમ, (૨)ના ખંડ (ગ) હેઠળ તપાસ કરવાની સત્તાઓ;

(જ) કલમ, ૧૨ની પેટાકલમ,(૧)ના ખંડ (ગ) હેઠળ રાહત અંગેની ભલામણ કરવી;

(ઝ) કલમ, ૧૩ની પેટાકલમ, (૩)ના ખંડ (૧) હેઠળ હાથ ધરવાની કાર્યવાહીની પદ્ધતિ;

(ટ) કલમ, ૧૪ની પેટાકલમ, (૧) અને પેટાકલમ, (૨) હેઠળ હાથ ધરવાની કાર્યવાહીની પદ્ધતિ;

(ઠ) કલમ, ૧૭ હેઠળ હાથ ધરવાની કાર્યવાહીની પદ્ધતિ;

(ડ) કલમ, ૧૮ની પેટા કલમ, (૧) અપીલ કરવાની પદ્ધતિ;

(ઢ) કલમ, ૧૯ના ખંડ (ગ) હેઠળ કામદારોને સંવેદનશીલ બનાવવા/જાગૃત કરવા, કાર્યશાળાઓ યોજવી, આંતરિક અને સ્થાનિક સમિતિના સભ્યો માટેના નવસંસ્કરણ કાર્યક્રમો યોજવાની કાર્યપદ્ધતિ;

(ત) કલમ, ૨૧ની પેટાકલમ, (૧) હેઠળ આંતરિક અને સ્થાનિક સમિતિના વાર્ષિક અહેવાલો તૈયાર કરવાનું સ્વરૂપઅને સમય .

(3) સંસદ ચાલુ હોય ત્યારે તેના દરેક ગૃહમાં આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે ઘડેલો દરેક નિયમ, તે ઘડ્યા પછી વહેલામાં વહેલી તકે, એક સત્ર અથવા ઉપર જણાવેલાં ઉત્તરોત્તર બે કે તેથી વધુ સત્રમાં કુલ 30 દિવસની મુદતમાં રજૂ કરવાનો રહેશે, અને આ સત્રની તરત પછીના સત્ર અથવા ઉપર જણાવેલાં ઉત્તરોત્તરની સમાપ્તિ પહેલાં બન્ને ગૃહો, આ નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત હોય અથવા બન્ને ગૃહો આ નિયમ ન ઘડવો જોઈએ એ બાબત પર સંમત હોય તો આ નિયમ આવા સુધારેલા સ્વરૂપમાં જ અમલમાં આવશે અથવા યથાપ્રસંગ અમલમાં આવશે નહીં. તેથી, તેમાં આવા કોઈ સુધારાવધારા અથવા રદ કરવામાં આવ્યા હોય તો આ નિયમ હેઠળ અગાઉ જે જોગવાઈ કરવામાં આવી હોય તેની કાયદેસરતાને બાધ આવશે નહીં.

(૪) જે રાજ્યમાં વિધાનસભામાં બે ગૃહો આવેલાં હોય અથવા જ્યાં એક ગૃહ આવેલું હોય ત્યાં વિધાનસભાનાં દરેક ગૃહમાં રાજ્ય સરકારે કલમ, ૮ની પેટા કલમ, (૪) હેઠળ કરેલા કોઈ પણ નિયમો, તે ઘડવામાં આવે કે તરત જ રજૂ કરવાનો રહેશે.

**મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા**

**30.**(૧) આ અધિનિયમની જોગવાઈઓના અમલમાં કોઈ મુશ્કેલીઓ ઊભી થાય તો કેન્દ્ર સરકાર મુશ્કેલી દૂર કરવા જરૂરી જણાય એવી અને આ અધિનિયમની જોગવાઈઓથી અસંગત ન હોય એવી જોગવાઈઓ, સરકારી ગેઝેટમાં આદેશ પ્રસિદ્ધ કરીને કરી શકે.

પરંતુ, આ અધિનિયમના અમલની બે વર્ષની મુદત પૂર્ણ થયા પછી આ કલમ હેઠળ આવો કોઈ આદેશ કરી શકાશે નહીં.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલો દરેક આદેશ તે કરવામાં આવે કે તરત જ સંસદના દરેક ગૃહમાં રજૂ કરવાનો રહેશે.

પી.કે.મલહોત્રા,

ભારત સરકારના સચિવ